સ્વપ્નાની—
તાસીર

મુંબઇ.

સ્વપ્નાની તાસીર.

સ્વપ્નામાં જોયલી ચીજો અને બનાવોથી
થતી આગાહીનો ખુલાસો.

૧૦૦૦ વરસ ઉપર લખાયલી ચોપડીનો
ગુજરાતી તરજુમો.

લખનાર

જેહાંગીર નશરવાંનજી પટેલ.

(ગુલફામ)

કીમત—રૂ. ૦ાા

વૈરાગ પ્રીન્ટીંગ પ્રેસ,
ત્રોધા સ્ટ્રીટ, કોટ,
મુંબઇ.

માનવંત મરહુમ દોસ્ત

મુર્તઝા મહમદઅલી ઇસફાની

ની

ભલી અને પવીત્ર યાદને

મરહુમ તરફની મારી પ્રીત અને માનની

લાગણી સાથે

આ કીતાબ

હું અરપણ કરૂં છું.

જેહાં૦ ન૦ પટેલ-(ગુલફામ)

બનામે ખુદા.

ખુલાસો.

આ નાનું પુસ્તક બહાર પાડતાં મારે કાંઇક અગત જેટલો જરૂરી ખુલાસો અત્રે કરવો જોઇયે. એક બુઝોર્ગ અને માનવંત મુગલ દોસ્ત પાસે બહુજ અસલના વખતની હાથે લખાયલી એક ચોપડી મારા જોવામાં આવી હતી (તે ચોપડી કદીબી છપાઇ નથી.) તે આર્બી ભાષામાં લખાયલી હતી અને તે મુગલ સાહેબ ચોપડીને બડી ઇફાઝતથી રાખતા હતા. તેને બનાતના ગલેફમાં મુકી એક રૂપાંના દાબડામાં રાખતા હતા અને તેના છુટાં પડી ગયલા, ખવાઇ ગયલાં, અને ફાટી ગયલાં પાનાઓની તેવણુ અતીશય જતન લેતા હતા. તેવણુ કહેતા હતા અને તેવણુ સાથના બીજા મુગલ અને આરબ દોસ્તો પણ જણાવતા હતા કે આ ચોપડી કોઇ આરબ ઓલમાએ ૧૦૦૦ અથવા તેથી વધુ વરસની વાટપર પોતાને હાથે લખી હતી અને તે ચોપડી બેહદ પંકાઇ ગઇ હતી. તે ચોપડીની નકલ થઇ હતી નહીં, બલકે તે ચોપડીના એકેક પછી થનારા માલેકે તે ચોપડીની નકલ થવા દીધી હતી નહીં. તે ચોપડી ઉપર પુરેપુરો વીસ્વાસ મુકવામાં આવતો હતો કારણ કે તે ચોપડીમાં દરશાવેલી આગાહી અને તાસીર કોઇબી વખતે ખોટી પડી હતી નહીં એવું કહેવાતું હતું. એ ચોપડીમાં સ્વપનાની તાસીર અને આગાહી તથા સમજ આપવામાં આવી હતી. આવી ચોપડીની ગુજરાતી સાહીતયમાં ખુટ છે એવું જાણીને તે ચોપડીનો તરજુમો ગુજરાતીમાં કરવાની મેં તે મારા ભલા મીત્ર આગળ માંગણી કીધી; પણ તેવણે તે માંગણી કબુલ નહીં રાખી. મેં તેવણને આખરે સમજાવ્યું કે, "આ સુધરેલો જમાનો છે, યકીનદારી ઓછી થતી જાય છે અને સ્વપ્નાની તાસીર તથા એવી બાબતો ઉપરનો લોકોનો એતેબાર કમી થતો જાય છે. માટે એ પણ બનવા જોગ છે કે આજે તમો એ આ ચોપડીને આવી ઇફાઝતે રાખોછો તો હવે પછીની તમારી ઓલાદ અથવા જેના હાથમાં એ જશે તે આવી જતન એની લેશે નહીં; આ મોતેબર કીતાબના પાના પડીકાં બાંધવામાં બરબાદ જશે અને કોઇ ભવીષયનો આ ચોપડીનો માલેક રૂપાંનો દાબડો પોતાની બાયડીના ઘરેણા મુકવાના ઉપયોગમાં લેશે અથવા વેચી ખાશે. જે ઓલમા આરબે આ ચોપડી અસલ લખી છે તે પોતે ફરમાવી ગયો છે કે આ ચોપડીનો લાભ જે માંગે તેને આપવો અને જે નહી માંગે તેને પણ આપવાની કોશેશ કરવી; માટે તમારી ફરજ છે કે તે ફરમાન મુજબ અમલ કરવો." વગેરે. આખરે મારી તકરાર ફળદરૂપ થઇ અને

તેવણે તે ચોપડીનો તરજુમો કરાવવાનું મન ઉપર લીધું. મને ફારસી અથવા આરબીનું જ્ઞાન નથી જેથી તરજુમો કરવાનું કામ મુશકેલ થઇ પડયું. એક મુનશીને રોકી તેની પાસે તેનો તરજુમો હું કરાવતો ગયો અને લખતો ગયો. તે ચોપડી બે પાંચ દહાડા મારે ઘરે લઇ જવાની પરવાનગી પણ તે દોસ્તે આપી નહીં જેથી તે દોસ્તની ફુરસત ઉપર સઘળો આધાર રહયો. ચોપડી નાની છે પણ તેની ઉપર મહીનાઓની મહેનત થઇ છે. સઘળો તરજુમો કરવા પછી તેને ડીક્ષનરી અથવા શબ્દ કોશ રૂપે ગોઠવવામાં ઘણી મહેનત પડી પણ ખુદાની મહેરબાનીથી આખરે કામ સરંજામ ઉતર્યું. તે મારા દીલસોજ મુગલ દોસ્ત આ ચોપડી પ્રગટ થયલી જોવાને અતીશય આતુર હતા અને તેવણ ઇરાન રવાના થયા ત્યારે એવી આશા દેખાડતા ગયા કે તેવણ પાછા ફરશે તે અગાઉ આ ચોપડી પ્રગટ થઇ ચુકશે. પણ બનવાનું કાંઇ જુદુંજ હતું. આ કીતાબ છપાવા ગઇ અને તેનો પહેલો પ્રુફ જે દીવસે મળયો તેજ દીવસે માઠા સમાચાર મળ્યા કે તેવણ ઇરાનમાં મરણ પામ્યા હતા. તેવણની મહેરબાનીનું અને મારી મહેનતનું પરીણામ તેવણ જોવા નહીં પામ્યા, એ મારી મોટી દલગીરી છે.

કોઇબી ચીજ, જાનવર, દેખાવ, બનાવ, વગેરે સ્વપનામાં જોવામાં આવે તો તેનો શો અર્થ હોવો જોઇયે તથા તેથી શી આગાહી થાય છે અને તે ઉપરથી શું બસારત લેવી ઘટે છે તેની આ ચોપડીમાં સમજ આપવામાં આવી છે. મેં એને ડીક્ષનરીની ઢબે ગોઠવી છે જેથી કોઇબી બાબત એકદમ મળી શકશે. આગાહી જાણવાને માટે એ ચોપડી ઉપયોગમાં આવી શકશે પણ તે આગાહી ખરીજ પડશે એવી ખાત્રી અથવા જામીનગીરી હું આપી શકતો નથી. મારી તરફથી એમાં મેં કાંઇબી વધારો અથવા ઘટાડો કર્યો નથી પણ કેટલીક બાબતો, જે જવાન છોકરીઓ અને છોકરાઓના વાંચવામાં નહી આવવી જોઇયે તેવી જણાઇ હતી તે મેં એમાંથી પડતી મુકી છે તેમજ કેટલીક ધાર્મીક બાબતો છોડી દીધી છે. આગાહી જોવાને કાજેજ નહીં પણ ફકત ફુરસતનો વખત વાંચવામાં સારી રીતે ગુજારી શકાય તેવું વાંચણ આ ચોપડી પુરૂં પાડશે એમ હું માનુછું. મને આ કામમાં ઉતેજન આપનારાઓનો હું આ તકે આભાર માંનુછું અને મારા મીત્રના રૂહને શાંતી મળે એવી દુવા ગુજારૂંછું.

લા૦ જે૦ એન૦ પટેલ.

(ગુલફામ)

૧૦૦૦ વરસથી વધુ મુદતની વાત ઉપર લખાયલી ચોપડીનો દીબાચો.

અસલ ચોપડી લખનાર આરબ ઓલમા પોતાની ચોપડીની શરૂઆતમાં નીચે મુજબ લખે છે:—

ખુદાવંદતાલા, તારી હજુરમાં સર ઝુકાવી, દસ્ત બસ્ત કરી, ગુનાહ, કસુર, પાપ, બેઅદબી, ગફલતી, બેયકીનદારી, બેવફાઇ, જે સઘળી તારા ફરમાનથી ખીલાફ વર્તણુક મેં ચલાવી હોય તેને માટે તોબાહ અને તોજેશ કરી, અરજ ગુજારૂંછું કે તલબગારને માફી બક્ષ અને રહેમદીલથી દરગુજર ફરમાવ. હજારો. હજાર સેપાસ કરૂંછું તારી ઓ ખુદા, અને દરેક કામમાં તારી મદદ વીના એક પગલું પણ ભરી શકાતું નથી, એક રેતીનો દણો પણ ઉચકી શકાતો નથી, તારી મહેરબાની વીના એક ખજુરની પેસી પણ હાંસલ થઇ શકતી નથી, એ તારી શકતીને આમ અને આલમ નમે છે. જેઓ સાથે આ મસકીન ગરીબ અને આર્જુમંદ સર પણ ઝુકે છે. હમદમ બેરાદરો, ઓલમાઓ, ઉસ્તાદો મુરશીદો, મુરીદો, અને સમજદારો સાથે મસલહત ચલાવીને આ તાસીરે ખાબનો દસ્તાવેજ મેં પેદા કર્યો છે અને તે મારે હાથે લખીને એક ખજાના તરીકે જાળવ્યો છે, જેનો વારસો હું મારી ઓલાદને આપી જાઉંછું. દોલત, ઉંટ, બકરાં અને મશક (પાણી ભરવાની પખાલ) નો વારસો જો હું મારી ઓલાદને નહીં આપી શકતો હોઉં તો તે ઓલાદે તેને માટે તલબગાર રહેવું નહીં સબબકે તે દુન્યાદાર ખજાનો જાવેદાન ટકવાનો નથી. લેકીન આ જે ખજાનો હું આપુંછું તે જમાનાઓ સુધી જવાબ દેશે અને તેનો લાજવાબ ફાયદો મારી ઓલાદ હાંસલ કરશે. મારૂં ફરમાન છે કે દસ્તાવેજને બાઇજત અને મોતેબરીથી જાળવવો અને વડાઓને જે માન આપે તે માન એને આપવું. સ્વપનાની તાસીરનો રંગ એમાંથી પારખવો અને તેની આગાહી મુજબ અમલ કરી સાવચેત રહેવું. લખ્યું છે તેજ લખ્યું છે—તે ભુસરાવાનું નથી—તેની ઉપર ફરીને લખવાનું નથી—તે બદલવાનું નથી; માટે તમો ફેરવી શકવાના નથી પણ આદમ જાતની ફરજ છે કે આવી પડતી આફતને માટે તૈયાર થઇ રહેવું અને આવનારી ખુશાલી અને આબાદી માટે શુકર ગુજાર થવું. માટે આ આગાહીથી જે જણાય તેને માટે તૈયાર થવા અથવા શુકરગુજાર થવાનો મોકો તમારે

જતો મુકવો નહીં. આપણાં કુટુંબને એમાંથી લાભ આપવો, પાડોશીઓને એમાંથી સમજ આપવી, કોમવાળાઓને એમાંથી નસીહત કરવી, જેઓ એ દસ્તાવેજથી મદદ માંગે તેને આપવી, અને નહીં માંગે તેને પણ આપવાની કોશેશ કરવી, જેમ કરવાથી તમારો જીવ ખુશ થશે અને એક રીતે સખાવત કીધેલી ગણાશે જેનો બદલો એ જહાંનમાં તમોને મળશે. આ દસ્તાવેજ ઉંડા અભ્યાસ અને ઇલ્મની પુખ્ત માહીતગારી પછી પેદા થયો છે માટે અભ્યાસ અને ઇલ્મના એક ઉતમ ફરજંદ તરીકે એને ગણવો યાને તમારાં ફરઝંદ જેટલીજ મહોબત એની ઉપર રાખવી. હું પરવરદેગારનો બહુજ આભારી થયો છું કે આવો દસ્તાવેજ પેદા કરનાર જેલું મને તે ખુદાએ માન બક્ષ્યું છે અને હજાર શુકર કરૂં છું કે આવો દસ્તાવેજ મારી ઓલાદને આપી જવા જેવો હું ભાગ્યશાલી થયો છું તથા તે દસ્તાવેજ ધરાવવા જેવા મારી ઓલાદવાળાં઼ ઓ નસીબવંત બન્યાં છે. આ દસ્તાવેજનો ઉપયોગ કરનારાઓને મારી દુવા છે કે તેઓ સદા ફક્ત ભલી આગાહી એમાંથી જોવા પામે અને સુખની આશા રાખે—આમીન!

તાસીરે ખ્વાબ.

અખરોટ—આખી અખરોટ-ધારેલું કામ સંગીન નીવડશે; તેમાંથી મોટો લાભ થશે; તે કામમાં નુકસાન પુગશે નહી; ધારેલાં લગન પાર ઉતરશે અને જોડું ફળશે ફુલશે. ભાંગેલી અથવા કોહેલી અખરોટ-કામ બરબાદ જશે; નુકસાન પુગશે; ખેસીની કજીઆ થશે; લગનમાં ભંગ પડશે અને જોડું સુખી થશે નહી. (કોટલાં વાળાં સઘળાં ફળને આ તાસીર લાગુ પડે છે.)

અગરબત્તી—રોશન કર્યા વનાની અગરબત્તી-ધારેલી ઉમેદ પાર પડવાની આશા આવ્યા કરશે પણ પાર પડશે નહી. રોશન કીધેલા અગરબત્તી- ધારેલી ઉમેદ પાર પડશે. (મીનબતી, ફાનસ, દીવા વગેરેને આ તાસીર લાગુ પડે છે.)

અગાસી—(જરૂખો) પરદેશની મુસાફરી કરવાની તક મળશે.

અગની—(આતશ) ચુલાહમાં અગની જોવો તો ખોરાકીની તંગી પડશે નહી; આગ લાગેલી જોવો તો કજીયો થશે; ઘાસ બળતું જોવો તો હેરાન કરનારા દુશમનો નાબુદ થશે; ઘર બળતું જોવો તો કુટુંબમાં હાણી પુગશે; કપડાં બળતાં જોવો તો દુઃખ દરદ અને રોગ તારાજ થશે.

અંગોળ—(જુઓ-**નાહવું**)

અજગર—(સાંપ) ગુંછડું થઇને પડેલો જોવો તો દુશમનો ચુપ પડશે; ફેણ ઉભી કરીને બેઠેલા સાંપને જોવો તો દુશમન કાવાદાવી કરશે; દોડતો સાંપ જોવો તો દુશમનો હડી જશે; પુઠે દોડતા સાંપને જોવો તો દુશમનો હેરાન કરશે; લાંબો થઇને સુતેલો સાંપ જોવો તો દુશમન હશે તે દોસ્ત થશે; મદારી (અથવા સાંપને પાળનાર રખેવાળ)ની પાસે સાંપ જોવો તો તમારા દોસ્તો તમારા દુશમનોને તારાજ કરશે; રમતા સાંપને

જોવે તો કુટુંબમાં બાળકની વૃદ્ધિ થશે. મોટો, જાડો, અજગર આ રે (એટલે રસ્તાની આડે) પડેલો જોવો તો કામકાજમાં નડતલ પડશે.

અથાણું—(અચાર-ચટણી) અથાણું બનાવતાં જોવો તો ભારે નુકસાન થશે; બરણી અથવા વાસણમાં ભરેલું અથાણું જોવો તો સારાં સ્વાદીષ્ટ પકવાનો ખાવા જેવી સારી હાલત થશે; અથાણું ભેટ આવેલું જોવો તો દુશમન યુકતી ચલાવશે. અથાણું ભેટ મોકલવું-બીમારી દુર થશે.

અથોડો—પારકાના હાથમાં જોવો તો નુકસાન છે; તમારા પોતાના હાથમાં જોવો તો દુશમનને દુર કરશો અને સલામતી મેળવશો.

અનાજ—ઢગલો થઇને પડેલો-ધન અને ધાન મળશે; વેરાયલો વીખેરાયલો-ધનની બરબાદી; વાસણ તથા બરણીમાં-નચીંતાઇ અને સુકાળ; મરઘી અથવા પક્ષી અનાજ ખાતાં હોય-સખાવત કરશો અથવા કોઇ વારસો આપી જશે અથવા ઘરે બાળકની વૃદ્ધિ થશે; રાંધેલો અનાજ-શુરૂ કીધેલું કામ પાર પડશે; રાંધેલો અનાજ ખાવો-ધારેલાં કામનાં ફળ જોશો.

અપવાસ—(જુઓ-રોજો)

અફીણ—(અફીમ) અફીણનો ટુકડો અથવા ગાંગડો-વેપારમાં મોટો લાભ; અફીણનું પાણી-મોટું નુકશાન; અફીણ પીવું-દુશમનો ફાવી જશે.

અંબોડો—(ચોટલો-બાલ) ગુંદેલો સફાઇદાર ચોટલો અથવા અંબોડો-બીમાર પડેલો ખાવીંદ અથવા મોહરદાર સાજું થશે; પીખાયલો ચોટલો-કુટુંબમાં મોટી હાણી; ચોટલો ગુંઠયા વનાના હોળેલા છુટા બાલ-કુટુંબમાં શાદી રામશાની લગન થશે; હોળયા વનાના ગુંચવાયલા બાલ-કુટુંબમાં સખત બીમારી થશે; રસ્તામાં પડેલા બાલ-કામ પાર પડશે; તેલ ખુશબો સાથના બાલ-બાળક થશે.

અસ્રો—હજામના હાથમાં-લાભ થશે; આપણા હાથમાં-નુકસાન થશે; બંધ અસ્રો-દુશમન ચુપ થશે.

આકાશ—ઘેરાયલું-આફત આવશે; ખુલ્લું-આફત દુર થશે; સીતારા સાથનું-લાભ થશે; ચંદ્ર સાથનું-લાભ થશે; સુરજ સાથનું-

સંકડામણુ થશે; વરસાદ સાથનું-દુઃખ પડશે; બરફ વરસતું-લાભ થશે.

આંખ—આંધળી આંખ-કોઇ મોટું નુકસાન કરી જશે; કાણી આંખ-એક તરફથી નુકશાન થશે અને બીજી તરફથી લાભ થશે; જમણી કાણી આંખે વધુ નુકસાન અને ડાબી કાણી આંખે ઓછું નુકસાન.

આગ—(જુઓ **અગ્ની**)

આંગળી—અંગુઠો કપાયલો-બાપ, મા, અથવા ધણીયાણી અથવા ધણીને હાણી પુગશે; અંગુઠા પાસેની આંગળી કપાયલી-બેટા, ભાઇ અથવા બહેનને હાણી પુગશે; વચલી આંગળી કપાયલી-મુરબ્બીને અથવા પાળણ કરનારને હાણી પુગશે; તેની પાસેની આંગળી કપાયલી-ખેરખાહ મીત્ર, અથવા ભાગ્યાને હાણી પુગશે; છેલ્લી આંગળી કપાયલી-નાનું બાળક અથવા વફાદાર નોકર અથવા દીલસોઝ દોસ્તને હાણી પુગશે. (આંગળાંમાં વીટી—જુઓ **વીટી**.)

આગબોટ—(વહાણુ, બારકસ, વગેરે) ચાલતું બારકસ-વેપાર સારો ચાલશે; ઉભેલું બારકસ-વેપારમાં સરભર થશે; સઢ ચહડાવેલું બારકસ-વેપારમાં ચીંતા રહેશે; લંગર દેખાતું બારકસ-વેપાર બંધ કરવાની વકી રહે છે; ડુબતું બારકસ-અતીશય નુકસાન અને તારાજી; ખડકપર લાધેલું બારકસ-વેપાર, ધંધા અને સંસારની જબરી સંકડામણ; આગબોટની સફર-ઘરમાં મરણ થશે; બરફ વચ્ચે બારકસ-દોલતનો વધારો થશે.

આટો—(જુઓ **અનાજ**)

આફતાબ—(સુર્ય) પ્રકાશતો સુર્ય-સુખ અને દોલત મળશે; વાદળાંમાં ઘેરાયલો-સંકડામણ આવશે, આફત આવશે; સુર્ય ગ્રહણ-ઘણી મોટી આફત; ઉગતો સુરજ-ફરઝંદની વૃદ્ધિ; અસ્ત પામતો સુરજ-ઘરમાં મરણ થશે; મધ્યાનનો માથે આવેલો સુરજ-સંકડામણ થશે પણ તે વીતી જઇ ઘણો લાભ થશે. (ચંદ્ર [મહાતાબ] ને પણ આજ તાસીર લાગુ પડે છે.)

આભ—(જુઓ **આકાશ**)

આતશ—(જુઓ **અગ્ની**)

આરસી—કીર્તી વધશે; નામના મળશે; ભાંગેલી આરસી–નુકસાન થશે, કલંક લાગશે.

આશક—ગુસ્સે થયલો આશક–શાદી શામશનીમાં ખલલ પડશે; હસતો આશક–લગન જલદી થશે; આશક તરફની ભેટ–લગન સુખી નીવડશે; રૂસાયલો આશક–ગેરસમજુતી ઉભી થશે; આશકનું મરણ–આખી જીંદગીનું સંસારી દુઃખ; આશક ઇશકી–આખી જીંદગીનું સંસારી સુખ. (સ્ત્રીઓને સ્વપ્નમાં જોયલા આશકની ઉપલી તાસીર છે; મર્દોને સ્વપ્નામાં જોયલી માશુકને પણ ઉપલીજ તાસીર લાગુ પડે છે.)

આંસુ—સામા ધણીની આંખમાં આંસુ–કોઇ દીલસોજ અથવા મદદગાર મદદ આપવાને નીકળી આવશે; ખુદની આંખમાં આંસુ–દુખ પડશે.

ઇનામ—ઇનામ મેળવવું–કીર્તી વધશે; ઇનામ આપવું–હર બહાને કાંઇ રકમ ખરચવી પડશે.

ઇંડું—આખું ઇંડું–ફરઝંદ પેદા થશે; ભાંગેલું ઇંડું–ફરઝંદને હાણી થશે; મળેલું ઇંડું–ધણી અથવા ધણીઆણી બેવફા થશે; આપેલું ઇંડું–ધણી ધણીઆણી વચેનો કુસંપ ટળી જશે.

ઉકરડો—દોલત વધશે; ઉજડ ઉકરડો–દોલત ઘટશે.

ઉંઘ—(જુઓ **નીંદરા**)

ઉજાસ—(જુઓ **અગ્ની**)

ઉંટ—(સઘળાં ચોપગાં જાનવરોને આ તાસીર લાગુ પડે છે.) ઉંટ પર સ્વાર–મુસાફરીએ જવું પડશે; બાંધેલું ઉભેલું અથવા બેઠેલું–સારી પુંજી જમા કરીને નચીંતે ખાયા કરશો; જમણા પગે લંગડું ઉંટ–વેપારમાં હાણી; ડાબા પગે લંગડું ઉંટ–હરીફોને હાણી; માલ લાદેલું ઉંટ–વેપાર ચાલુ રહેશે; ઘાસ અથવા કોઇ ખોરાકી ખાતું ઉંટ–વેપાર ધંધો સરભર યાને ઘરના રોટલા ખાવા પડશે; મુએલું ઉંટ–વેપાર બંધ કરવો પડશે અને ખોટ.

એડીયું—(કોઇબી જાતનું તેલ) રેલછેલ; સુખસંપજ; ઘોળાયલું તેલ–ઘરમાં આબાદી; દીવામાં બળતું તેલ–બચ્ચાં છોકરાંના લગન પાછળ ખરચ થશે; ભેટ આવેલું તેલ–વારસો મલશે;

ભેટ મોકલેલું અથવા વેચેલું તેલ—ખુદની ભુલથી નુકસાન થશે.

એલચી—(લવંગ અને મખવાસની ચીજો) ચેન આરામ મળશે.

ઓજાર—(જુઓ **અથોડા**)

ઓઢણી—(સાડી, બુરખો, વગેરે) ઠીક રીતે પહેરેલી અથવા ઓઢેલી—આબરૂ જળવાશે અને આબરૂ ઉપર કાંઇ ધાસ્તી જેવું આવ્યું હશે તે ટળી જશે; બરાબર સમી નહી હોય તેવી—આબરૂ ઉપર આગ આવશે, નીતી સંબંધી શક ઉપજશે; નીકળી ગયલી અથવા પડી ગયલી—બેઆબરૂ થવું પડશે; કોઇએ ભેટ આપેલી—આબરૂ વધશે, લગન થશે. કોઇને ભેટ આપેલી અથવા વેચેલી—ઘરની છોકરી પારકાં કુટુંબમાં પરણશે.

ઓરત—(સ્ત્રી) સોહાસન—લક્ષમી વધશે; રંડાયલી—લક્ષમી જશે, બરબાદી થશે; છોકરાં સાથની—સુખ; હમેલદાર—મોટો નફો; (જુઓ **અંબોડા**)

ઓળો—(પડછાયો) બેટો જનમશે.

કંકાસ—(કજીયો—લડાઇ) નુકસાન.

કંગણ—(બાંગડી, વાળા, અથવા સ્ત્રીઓની કાંડીપર પહેરવાનું ઘરેણું) ખુદ પોતાના અથવા કુટુંબની છોકરીના લગન થશે. ભાંગેલી બાંગડી—નુકસાન, રંડાપો; ભેટ આવેલી બાંગડી—લગનનું માગુ આવશે; ભેટ આપેલી—ઘરની રંડાયલી છોકરી બીજવર પરણશે; વેચાતી લીધી—ઘરની તરતની આવેલી વહુ હમેલદાર થશે અથવા તરતની રંડાયલી છોકરી હમેલદાર થયલી માલમ પડશે.

કંચની—(નાચનારી છોકરી—સ્ત્રી ગાયણકાર) કમાણીમાં વધારો થશે; આબરૂ વધશે; ઘરમાં શાદીગમશની થશે.

કચુમર—અનેક રીતે ચોમેરથી લાભ થશે.

કજીઓ—(જુઓ **કંકાસ**)

કટાર—(તલવાર) મ્યાન કીધેલી—કંકાસ કજીઓ નાબુદ થશે; નાગી તલવાર—કોઇ સામે કોરટ દરબાર અથવા હોજાતોજીમાં ઉતરવાની ફરજ પડશે.

કણકવો—(પતંગ) ઉડતું પતંગ—જંજાળ આવશે; તુટી ગયલી રસીનું પતંગ—જંજાળ નાબુદ થશે; કોઇના પતંગની દોરીથી ખુદની

પોતાની દોરી કપાઇ જાય—આપણી જંજાળ પારકે માથે જશે; ફાટેલું પતંગ-ભયભરેલી બીમારી નાબુદ થશે.

કંદોરા—(પટો-કમરબંધ) બાંધેલો—નોકરી રોજગાર મળશે; છોડેલો—બેકારી, બેરોજગારી.

કન્યા—કુંવારી-લક્ષ્મી વધશે. (જુઓ **ઓરત**)

કબાટ—(જુઓ **તીજોરી**)

કફન—(કરકટી-ગ્રહાન-જનાજો) સામે આવતો-લાભ થશે; પાછળથી આવતો-ગેરલાભ થશે; ઘરમાંથી જતો-દુઃખ દરદ દફે થશે; ઘરમાં દાખલ થતો—દુઃખ દરદ વધશે.

કબર—મરણ પામેલાંનાં રૂહ મદદ કરશે.

કમાન—(તીર-કમાન) ફત્તેહ થશે. વરસાદની કમાન-લીલા લહેર થશે; તુટેલી કમાન-દુશમનો નાબુદ થશે.

કરકટી—(જુઓ **કફન**)

કસબણ—(જુઓ **નાચનારી**)

કરોળયો—(ઝીણા જંતુઓને ખાઇ જનારા કરોળયા જેવાં પ્રાણી) દુશમનોને હરાવવાને કોઇ મદદ કરવા આવશે.

કરજ—(જુઓ **તંગી**)

કલમ—અભયાસ વધશે; તુટેલી કલમ-વેપારમાં નુકસાન; નવી કલમ-ઓલાદ વીદવાન નીવડશે; જુની કલમ-કુટુંબની અભ્યાસ સંબંધી કીર્તી ટકી રહેશે.

કસાઇ—દુશમનને અથવા બળા જંજાળને તાલનારો મદદગાર મળશે.

કસારી—(જુઓ **કરોળયો**)

કલ્હાર—(ખુશબો આપતું ઘાસ) પગે છુંદાતું-નુકસાન; હાથમાં લીધેલું-લાભ.

કાકરી—(જુઓ **ફળ**)

કાકાટોઓ—(જુઓ **પક્ષી**)

કાચ—(જુઓ **આરસી**)

કાગળ—કોરો કાગળ- વેપાર અથવા નોકરી બંધ પડશે; લખેલો કાગળ-વેપાર અથવા નોકરીમાં વધુ લાભ; બહારથી આવેલો કાગળ-ઘરબેઠાં નોકરી અથવા રોજગાર મળશે; ફાડી નાખેલો કાગળ-નુકસાન; કોઇપર લખેલો કાગળ રવાના કીધો હોય તો—દોલત ઘટશે. (**પત્રને પણ એજ તાસીર**)

કાંચરી—(પહેરણ-દગલો-કોઇ પહેરવાનુ કપડું) સ્ત્રીને માટેનું કપડું-ઘરમાં કોઇના લગન થશે; મરદનું પહેડવાનું કપડું-બાળકની વૃદ્ધિ; સ્ત્રીને કપડાં પહેડતી જોવી-બીમારી દુર થશે; મરદને કપડાં પહેડતો જોવો-કરજ દુર થશે; ફાટેલાં કપડાં-જંજાળ તારાજ થશે; મેલાં કપડાં-નુકસાન. મરદને કપડાં કહાડતાં જોવો-કોઇ મદદ માંગવા આવશે; સ્ત્રીને કપડાં કહાડતી જોવી-ઘરની સ્ત્રીપર કલંક આવશે અથવા તે બીમાર પડશે.

કાઝી—(ન્યાયાધીસ-બ્રાહમણ-મોબેદ-અંધ્યારૂ-)મુકદમો જીતશો, અનાજ વધશે; આવતો કાઝી-લાભ; જતો કાઝી-નુકસાન; કાઝીનું મરણ-દુરના ખેસીના મરણથી વારસો મળશે.

કાજુ—(જુઓ **અખરોટ**)

કાટકુટ—(ભાંગેલો સામન) દુશમન તારાજ થશે.

કાંટો—(માછલીનો કાંટો અથવા હાડકુ) પગમાં અથવા બદનમાં ભોકાય તો નુકસાન; રસ્તામાં પડેલો-દુશમન દુર થશે.

કાતર—(જુઓ **કટારી**)

કાંદા—(જુઓ **ફળ**)

કાપડ—(જુઓ **કાંચરી**)

કાફલો—(વંજાર) ઘણો મોટો લાભ; જતો કાફલો મોટો વેપાર ચાલશે; આવતો કાફલો-મોટી દોલત અથવા વારસો મળશે.

કારેલું—(જુઓ **ફળ**)

કાંસકી—(નીખયો-બ્રાશ) છોકરી અથવા સોહાસનના હાથમાં-ઘરની જંજાળ દુર થશે; રંડાયલી સ્ત્રી અથવા રંડાયલા મરદના હાથમાં-ઘરની રંડાયલી સ્ત્રીના અથવા તેવા મરદના ફરીને નેકાહ થશે; કુંવારા મરદના હાથમાં-ઘરની હમેલદાર સ્ત્રીને છોકરી જનમશે; પરણેલા મરદના હાથમાં-ઘરની હમેલદાર સ્ત્રીને છોકરો અવતરશે; આપણા હાથમાં-બીમારી દુર થશે.

કાંસ્યો—(વાટકો-કોઇણી વાસણ) ભરેલું-લાભ; ખાલી-ગેરલાભ.

કાળાશ—આફત.

કીડી—(જુઓ **કરોળયો**)

કીતાબ—(ચોપડી) ઇલમ વધશે; ફાટેલી-બોહડ બાળક નીવડશે; કોરી-અનાજ ખાલી થશે; ધરમની કેતાબ-માન આબરૂ વધશે.

કીરતી—(જુઓ **આગબોટ**)

કુત્રો—વફાદાર દોસ્ત મળશે, નોકર નીમકહલાલ થશે.

કુમારી—(જુઓ **ઓરત અને કન્યા**)

કુવો—(જુઓ **ટાંકી**)

કુરસી—(**ખુરસી**) માન વધશે.

કુહાડી—(જુઓ **અથોડો**)

કેઆરો—(બગીચો) મોટો લાભ; અનાજનો કેઆરો—ઘરમાં આબાદી; ફુલનો બગીચો—આબાદી, શાદી રામશની; ઉજડ—બરબાદી.

કેબલો—(અગ્યારી અથવા આતશબહેરામનો આતશ) ધારમીક બાધા લીધી હોય અને તે ભુલી જવામાં આવી હોય તેની યાદ આપે છે.

કેરી—(જુઓ **ફળ**)

કેવડો—(જુઓ **ફુલ**)

કોટી—(જુઓ **બગલગીરી**)

કોદરા—(જુઓ **અનાજ**)

કોઠળી—(જુઓ **બટવો**)

કોરટ—(અદાલત) મોટો લાભ.

કોલસો—દીકરો જનમશે.

કલેશ—(જુઓ **કંકાશ**)

ખચ્ચર—(જુઓ **ઉંટ**)

ખંજર—(જુઓ **કટારી**)

ખજાનો—(દોલત) મોટી આશા બાંધવાનો બનાવ બનશે; મુકદમો જીતશો; વેપાર વધશે; નોકરી મળશે.

ખજુર—(જુઓ **ફળ**)

ખટારો—(ગાડું) વેપાર વધશે; ભરેલું—લાભ થશે; ખાલી—બેઠા રોટલા ખાવો તેટલી નાની પુંજી જમા થશે.

ખડક—ગેરલાભ.

ખડીયો—વેપાર વધશે.

ખબુતર—(જુઓ **પક્ષી**)

ખાટલો—(પલંગ—ઘોડીયો) શાદી થશે; ફરજંદની વૃદ્ધિ થશે; બુરો કલંક નાબુદ થશે.

ખારક—(જુઓ **ફળ**)

ખાસડું—(બુટ-પેજાર) પગમાં પહેરેલું-દુશમન તારાજ થશે; હાથમાં-
ખેપ્રજતી થશે.

ખાવીંદ—પરદેશ જતો-ધણીના વેપારમાં વધારો; પરદેશથી આવતો-
ફરજંદની વરધી; રૂસાયલો-કમાણીમાં ઘટાડો; ખુશહાલ
થયલો-ઘરમાં લગન નીકળશે.

ખુન—કોઇનું થતું ખુન-સામાન્ય વેપારની મોટી મંદી, ઘરમાં
કરજનો અને જંજાળનો વધારો.

ખુમચો—(જુઓ **વાસન**)

ખુશબો—(જુઓ **સુગંધી**)

ખેતર—આબાદી; બળતું ખેતર-મોટા પાકની આશા.

ગંજી—(ઘાસની) મોટી આશાના વેપારમાં ઘણો નફો મળશે નહી.
બહારથી દેખાતો દોસ્ત સારી મદદ કરશે નહી; દીકરો
ઝાઝો હુશીયાર નીવડશે નહી.

ગધેડો—(જુઓ **ઉંટ**)

ગાય—(જુઓ **બકરી**)

ગાયન—ગવાતું ગાયન સાંભળવું-આબાદી.

ગાડું—(જુઓ **ખટારો**)

ગાંસડી—બાયડીને હમેલ રહેશે; કોઇ તરફથી સારી ભેટ સોગાત મળશે.

ગાલીચો—(જુઓ **ચટાઇ**)

ગુલ } (જુઓ **ફુલ**)
ગુલાબ }

ગોટલું—(કેરીનું અથવા બીજાં કોઇ ફળનું) બાળક અવતરશે;
બાળકની માતા તબીયતમાં (કદાચ જીંદગીમાં) નુકસાન
પામશે.

ગોદડું—(જુઓ **ખાટલો**)

ગોર—(જુઓ **કબર**)

ગોસાંઇ—ન ધારેલી મદદ મળશે.

ઘઉં—(જુઓ **અનાજ**)

ઘાહ—(જુઓ **જખંમ**)

ઘાઘરો—(જુઓ **કાંચરી**)

ઘોડો—(જુઓ **ઉંટ**)

ચકલી—(જુઓ **પક્ષી**)

ચંગ—ખુશાલીનો સમો આવશે; વાગતો **ચંગ–ઘણી ખુશાલી,** વાગતો નહી હોય તેવો ચંગ–**ખુશાલી અને દલગીરીનો ભેલ.**

ચીંગારી—(જુઓ **અગ્ની**)

ચટાઇ—(**સાદરી**, શેતરંજી, ગાલીચો) બીછાવેલી–**સખાવતનું કામ** તમો કરી શકશો અથવા **સખાવતથી તમોને કાંઇ મળશે.** ઘડી કીધેલી–ઘરમાં આવેલાં નાણાં મુકી શકશો. વખાતી નાંખેલી–ઘરમાંથી નાણા ઘસડાઇ જશે.

ચટણી—(જુઓ **અથાણું**)

ચંદ્ર—(જુઓ **આફતાબ**)

ચપાટી—(રોટલી–નાન)આબાદી, સુખ.

ચંપેલી—(જુઓ **ફુલ**)

ચરાગ—દીકરો જનમશે: સળગાવ્યા વનાનો ચરાગ–**બાયડી હમેલદાર** થશે, બુજવાતો અથવા બુજાયલો ચરાગ–ફરજંદનું **મરણ** નીપજશે; ચરાગથી દાજવું બચાંનું દુ:ખ; **ચરાગથી કાંઇ** શોધવું–બેટા બેટીની મદદ માગવા જેવો વખત આવશે (જુઓ **અગરબત્તી.**)

ચાકર—(**નોકર–નફર**) ઘરમાં કામ કરતો- વેપાર વધશે; નવો નોકરી રાખેલો–નવો વેપાર કરશો.

ચાંદી—(રૂપું) રૂપાના સીક્કા–ધન વધશે; રૂપાના ટુકડા–**ધન કમારગે** વપડાશે; રૂપાંના લાકા–પુંજી જમા થશે; કોઇને ત્યાંથી આવેલું અથવા કોઇએ આપેલું રૂપું અથવા સીક્કા–રોજી મળશે; કોઇને આપેલું –રોજીમાં ભાગ પડશે, પગાર ઘટશે. (આ તાસીર સોનાને પણ લાગુ પડે છે.)

ચાદર—(જુઓ **ચટાઇ**)

ચાંદ—(જુઓ **આફતાબ**)

ચાંદલો—(તીલો) ઘરમાં શાદી થશે; અરધો ભુસરાયલો–ખાવીંદની બીમારી; આખો ભુસરાયલો–ખાવીંદથી સદાની જુદાઇ અથવા ખાવીંદનું **મરણ**; ખોલાયલો–ખાવીંદ સાથ કજીયો; સામા ધણીને હાથે થયલો તીલો–લગનનું માગું આવશે અથવા ઘરની કન્યાને માટે માગું આવશે; ખુદ પોતાને હાથે કરેલો તીલો–ખાવંદને પોતાના પ્યારની જંજીરમાં જાળવી રાખશે; સામો ધણી તીલો ભુસરી નાંખે–ખાવંદ

કોઇ પારકીના પ્યારમાં પડશે અથવા તો કોઇ પારકી ખાવંદને ખેંચી લેશે અથવા તો શોખ (ખાવંદની બીજી બાયડી) આવશે. (અસલ ચોપડીમાં તીલા વીજેની તાસીર લખેલી નથી કારણ કે ૧૦૮૦ વરસની વાત ઉપર તેવી કશી રસમ ધરાનમાં ચાલતી હતી નહી; પણ કપાળના સનગાર તરીકે ચોકસ કપડું ઓરતો રાખતી હતી જેને ઉપલી તાસીર લાગુ પડે છે જે તીલાને પણ લાગુ પડી શકે છે)

ચાંપુ—(જુઓ ફળ)

ચાબુક—(લાકડી—"વોકીંગ સ્ટીક") ઘર સંસારપર અથવા દુકાનપર અથવા વેપારી પહેડીપર વડપણ મળશે; ભાગેલી—વડપણ જશે અથવા સંસારથી જુદાઇ થશે.

ચાવલ—(જુઓ અનાજ)

ચીઠ્ઠી—(જુઓ કાગળ)

ચીભડું—(જુઓ ફળ)

ચુડી—(જુઓ કંગણ)

ચુંદડી—(જુઓ ઓઢણી)

ચુમી—આશક અને માશુક વચેની ચુમી—મોટું સુખ; દોસ્તો વચેની—લોકપ્રીયતા વધશે; મા દીકરાં વચેની—સંસારમાં આબાદી; દોસ્ત અને દુશમન વચેની—દુશમન હોય તે દોસ્ત થશે; ધણી ધણીઆણી વચેની—ફરજંદ થશે અથવા ફરજંદની શાદી થશે; મુરબ્બીના હાથપર લીધેલી—કોઇની મહેરબાની ઉતરશે; કોઇ પારકી છોકરીના ગાલપર લીધેલી—કોઇની પરણેલી સ્ત્રીના પ્યારમાં પડશો અથવા મોહીની લાગશે; કોઇ પારકી છોકરીએ લીધેલી—કોઇ સ્ત્રી ખરું અથવા ખોટું બદકારીનું આળ મુકશે; કોઇ ખેસી સ્ત્રીએ લીધેલી—રોજી મળશે; પારકાં નાનાં બાળકે લીધેલી—તનદરોસ્તી અને સુખ મળશે.

ચેહ—(જુઓ અગની)

ચોક—(ઘરના બારણા પરનો સણગાર—તોરણ) ઘરની આબાદી; ભુસરાયલા ચોક અથવા તુટેલી તોરણ—રંગમાં ભંગ; કોઇને ત્યાંથી ભેટ આવેલી તોરણ—શાદીનું માગું આવશે. (અસલ લખાણમાં ચોક અથવા તોરણ વાસ્તે લખ્યું નથી પણ ઘરના

આરણાના સણગાર વીષે લખ્યું છે, જેને આ તાસીર લાગુ પડે છે.)

ચોટલો—(જુઓ **અંબોડો**)

ચોપગું—(જુઓ **ઉંટ**)

ચોપડી—(જુઓ **કીતાબ**)

ચોર—(લુટારો) ઘરમાં દાખલ થયલો-સખત બીમારી; ઘરમાં દાખલ થવા પછી પકડાયલો-મરણતોલ હાલતમાંથી સાજા થશો; ચોર ચોરી જાય-ઘરમાં મરણ અથવા મોટી ખુવારી; (પણ જો ચોર આવીને પગરખાં, દુધનું ભરેલું વાસણ, અથવા બદનને અંગોળ કરતી વખતે લગાડવાનો ખીસો [સાબુ] ચોરી જાય તો ઘરનો કજ્યો કંકાસ દુર થાય)

ચોળા—(જુઓ **અનાજ**)

ચોળી—(જુઓ **કાંચરી**)

છત્ર—(છત્રી) ઉંઘાડેલી માથા ઉપર-આફતથી રક્ષણ મળશે; ફાટેલી-આફત આવવાનું ચાલુ રહેશે.

છરી—(જુઓ **કટારી**)

છાણ—જાનવર ઘરમાં આવીને નાંખી જાય તો લાભ; કોઇ ફેંકે તો ગેરલાભ.

છુટા છેડા—(તલાક) મોટો ગેરલાભ, મોટી હાડમારી, તબીયતને મોટું નુકસાન, ધંધામાં અને નોકરીમાં સખત ફટકો.

જખમ—(ઘાહ) માથાંપર-મોટું નુકસાન; ગાલપર-ધણીઆણી સાથે કજ્યો; હોઠપર-કોઇ સાથ ગાળાગાળી થશે; હાથપર-દોસ્ત સામે અંતસ ઉભી થશે; પેટપર-અનાજ ખોરાકી ઘટશે; જાંગપર-બાળકની બીમારી; ગુટણપર-વેપારી વહાણ અથવા વનજારને ઇજા થશે; પગના તલ્યાંપર-આફત દુર થશે અને ન ધારેલી સફળતા મળી જશે.

જંગ—(જુઓ **કંકાસ**)

જઘડો—(જુઓ **કંકાસ**)

જનાનો—પોતાનો જનાનો બેપરદે જોવો-સંસારનું સુખ; પારકો જનાનો બેપરદે જોવો-રૂસવાઇ; પારકા જનાનામાં દાખલ થવું-અદ્દેલીનું ખરૂં અથવા ખોટું આળ આવશે; પારકા જનાના સાથે અનીતીની ચાલ ચલાવવી-ધણીઆણી બેવફા

થશે; પોતાના જનાનામાં ધણી ધણીઆણી તરીકેના હક ભોગવવા—ધણીઆણી સાથનો કજીયો દુર થશે; આપણા જનાનામાં કોઇ પારકી સ્ત્રીને આવતી જોવી—લક્ષ્મી વધશે, અને મરદને આવતો જોવાથી ઘરની કન્યાને માટે લગનની માંગણી આવશે.

જનમ—દીકરાનો જનમ—વેપાર આબરૂ અને ધંધો વધશે; દીકરીનો જનમ—પૈસા ઘટશે.

જબરદસ્તી—સ્વપણો જોનાર સ્ત્રી ઉપર જબરદસ્તી—ધણી ખરાં અથવા ખોટાં કારણે ખફા થશે; ઘરેણાં અને દોલત લુટાઇ જશે અથવા વેચાઇ જશે; સ્વપણો જોનાર મર્દ કોઇપર જબરદસ્તી કરે તો કોઇ રીતે નાણું મેળવી શકશે.

જરૂખો—(જુઓ **અગાસી**)

જાંગ—મર્દની ખુલ્લી જાંગ—બહાદુરીમાં નામ કહાડશો અથવા કોઇ બહાદુરની મદદ મળશે; પારકી સ્ત્રીની ખુલ્લી જાંગ—મોટું નુકસાન; પોતાની સ્ત્રીની ખુલ્લી જાંગ—મોટો લાભ.

જાનવર—(જુઓ—**ઉંટ—કરોળયો**)

જાયફળ—(જુઓ—**અખરોટ**)

જારકર્મ—બેઆબરૂ થવું પડશે; ઘરમાં બેવફાઇ માલમ પડશે; (હમાનારી કસબણ સાથનું—બહારથી નાણા આવશે અથવા વારસો મળશે)

જાંહનમ—(દોજખ) મોટી વીપટી આવી પડવાની વકી; મોટી તારાજી; કુટુંબમાં ખુવારી.

જાળ—(માછળાં અથવા પક્ષી પકડવાની) આપણા હાથમાં—વેપાર ધંધા અને સંસારમાં લાભ.

જાળું—કરોળીયાનુ અથવા કોઇ જાનવરનું—યુકતીથી કામ લેવાની થતી બસારત; કોઇ સીધે પાધરૂં નહીં ઉતરવું હોય તેને કુનેહ અને દુરઅંદેશીથી મહાત કરવો એવી મલતી ચેતવણી.

જુવાર—(જુવો—**અનાજ**)

જુગાર—કોઇ કાવાદાવા ચલાવશે; કોરટમાં (કાઝી) જડજ **આગળ** હાજર થવાની ફરજ પડશે.

જુતી—(જુવો **ખાસડું**)

જેલ—(તુરંગ) દુશમણ ઠેકાણે આવશે; આપણે જેનાર તુરંગમાં હોય તો—વીપટી આવશે.

જોગણ—બેવફાઇનો કલંક દુર થશે; ઘરની છોકરીઓની ઇજત વધશે; ધણીધણીઆણી વચે મીનાકેશાથી રાહતવાટ નહીં થતો હોય તો થશે.

જોગી—(જુવો–ગોસાઇ)

જોડું—ધણીધણીઆણીનું–અનાજ ભરપુર આવશે; પક્ષીનું–ઘરમાં બાળકની વરધી થશે; જાનવરનુ–વેપાર ચાલુ થશે; સાંપનું–ઘણોજ મોટો લાભ; ઉંટનું–બેશુમાર દોલત; પરણતું જોડું–સંસારનું સુખ.

જોત—(જુવો–**ચરાગ**)

ઝગડો—(જુવો **કંકાસ**)

ઝાડ–તાજું ઝાડ–સુખ; સુકું ઝાડ–દુખ; ફળસાથનું ઝાડ–છોકરાં જનમશે અને ધારેલાં કામનું સારૂં પરીણામ નીપજશે; પાત્રાં ખરતું ઝાડ–દુખ ટળી જશે; ઝાડપરથી ફળ પડતાં–ન ધારેલું ધન મળશે.

ઝાડુ—(સાવરણી–બુટારો) ઘરનું દુખ ટળી જશે; નવી–દુખ અને સુખ ભેલ; જુની–ઘણું સુખ.

ઝુંડો—(વાવટો) કીર્તી વધશે; પગાર વધશે.

ઝુપડી—વેપાર સમટોળ રહેશે યાને સરભર થશે; ઘરની છોકરી આબરૂ ઇજતવાળાં દાળ રોટલીથી સુખી, અને મધ્યમ ગુજાસના કુટુંબમાં પરણશે.

ઝેર—દુશમનને દાબવાનો ઉપાય મળશે; ઝેર ખાવું– મોટી વીપટી.

ઝીનત—(બેહશત) ઘણું સુખ.

ટંબુ—કોઇનો આશરો મળશે; મુસાફરીનો પ્રસંગ આવશે; વેપાર વધશે.

ટટ્ટુ—(જુઓ–ઉંટ)

ટાંકી—(કુવો તલાવ) ભરેલી–કીધેલો ગોઠવણ પાર પડશે; અધુરી–ગોઠવણ ડામાડોળ રહેશે; ખાલી–ગોઠવણ ઉંધી વળશે; મીઠાં પાણીનો કુવો–નચીંતે ખવાય એટલી પુંજી થશે; ખારાં પાણીનો કુવો–વેપારમાં લાભ થશે; કુવામાં પડવું–ઓચીતી

આફત આવશે; કુવામાં પડતાં મદદ મળે–આફતમાં મદદ મળશે; કોઇને કુવામાં પડતાં જોયું–વગર કારણે આફત અથવા તોહમત આવશે.

ટાંગ—(જુઓ–જાંગ)

ટેકડી } **ટેકડો** } ધુલ મટોડાંની–સારી પુંજી થશે; ઉગેલા ઘાસ સાથનો–કરજ ફીટી જશે; ખણી કહાડેલો–કરજ વધશે.

ઠગાઇ—કોઇ આપણી સાથે ઠગાઇ ચલાવી જાય–ગેરલાભ; કોઇ સાથે ઠગાઇ કરવી–લાભ.

ઠડીયો—(જુવો–ગોટલું)

ઠુંઠું—(ભાગેલો અથવા કપાયલો ઠુંઠો હાથ) કોઇ યુકતી ચલાવી ફાવી જશે; સામા ધણીનો કપાયલો હાથ–સામા ઉપરની આપણી યુકતી ફાવશે.

ઠોકડ—(ચાલતાં ઠોકડ લાગે તે) ધારેલાં કામમાં બહુજ સાવચેતી રાખવાની ચેતવણી.

ડગલી } **ડગલો** } જુવો કાંચરી.

ડાકણ—(ભુત) આવી પડનારી આફત સામે કોઇ અટકાવ નાંખશે; કોઇ મદદ આવશે; દુખની આગાહી.

ડુંગર—(જુઓ– ટેકડો)

ડુબવું—(જુઓ) ટાંકી)

ઢાલ—ઘરનો મરદ હીચકારો બનશે; કુટુંબમાંથી મદદ મળશે નહી; હાથે જાતે આફત ટાળવી પડશે.

ઢોર—(જુઓ ઉંટ)

ઢોલીયો—(જુઓ ખાટલો)

તકીયો—પલંગનો ટકયો–નગીંતાઇ; કરજનો ઘટાડો. સાંઇનો ટકયો (એટલે ગામમાં સાધુ અને સાંઇ જોગીઓને ઉતારો લેવાને રાખેલી જગા)–પરોણા આવશે; માંગનાર તકાજા કરશે; ન ધારેલો ખરચ આવશે.

તખત—આબરૂ ઇજત વધશે.

તંગી—(કરજ–સંકડામણ) ઉમરની થયલી ઘરની કુંવારી છોકરીનાં માંગા આવેલાં પાછાં ફરશે.

તંટો—(જુઓ–કંકાશ)

તડકો—(જુઓ-આફતાબ)

તડબુચ—જુઓ-ફળ)

તપીલી—(જુઓ—કાંશીયો)

તબલો—(ઢોલ-ડફ) કુટુંબમાં સારો પ્રસંગ આવશે.

તમાશો—(નાટક) ઘરનો ફજેટો બહાર પડશે; ફસવાઇ થશે.

તમોલી—(પાન સોપારીના બીડાં વેચનાર) કોઇ પારકી સ્ત્રી હેરાન કરશે; ખાસ કરીને હલકી આબરૂની સ્ત્રી તોહમત મુકશે. (અસલ કીતાબમાં મખવાસ વેચનારને આ તાસીર લાગુ પાડવામાં આવી છે જે તમોલીને પણ લાગુ પડે છે)

તરકારી—ગુજારો ચાલે તેટલીજ માત્ર કમાઇ થશે; દોલત જમા થશે નહીં તેમ મહોતાજ રહેવાશે નહીં.

તરૂણી—(જુઓ-કન્યા ઓરત)

તલાક—(જુઓ-છુટા છેડા)

તલવાર—(જુઓ-કટારી)

તસ્વીર—(જુઓ-આરસી)

તાએફા—(જુઓ કસબણ) એકથી વધુ ગાનારીઓને ગીત ગાતી જોવી-શાદી રામશની થશે.

તાલીમખાનું-(કસરતશાળા) ઘરના છેકરા બહાદુર ઉધરશે.

તાવીજ—(માદરયું) બીમારી દુર થશે; વેપાર ધંધાની સંકડામણ દુર થશે; સાહીત્યમાં નામના મળશે; ઘરમાંથીજ મદદ મળશે.

તીતર—(જુઓ-પક્ષી)

તીલક—(જુઓ-ચાંદલો)

તીજોરી—(પેટી-સંદુક-કબાટ) બંધ રહેલી—આબરૂ જવાની ધાસતી ઉભી થવા પછી આબરૂ જળવાશે; નાહક ખરચ થવાની ધાસતી દુર થશે. ઉંઘાડી—આબરૂ જશે; નાહકનો ખરચ થશે; ઘરના માણુસોની કસુરથી નાણા ખરચાશે. ચોરોએ ફાડેલી—નુકસાન થશે.

તીર—(જુઓ-કમાન)

તલાક—(જુઓ-છુટાછેડા)

તીલો—(જુઓ-ચાંદલો)

તુફાન—(જુઓ-કંકાશ) વાવીઝોડાંનુ તુફાન-આફત દુર કરવાને મદદ મલશે; આફત દુર થઇ સુખનો સમો આવશે.

તુમાન—(જુઓ-**કાંચરી**)

તુરંગ—(જુઓ-**જેલ**)

તેલ—(જુઓ-**એડીયું**)

ત્રાજુ—વેપાર સમટોળ યાને લાભખી નહીં અને ખોટખી નહીં.

થાન—(સ્ત્રીનું) ખુલ્લું જોવું-અપજશ મળશે; અનીતીનું તોહમત આવશે; કાંચરી અથવા પહેરણથી ઢંકાયલું જોવું-ઘરની સ્ત્રીઓની આબરૂપર આળ આવશે; બાળકને ધાવતું જોવું-ઘરની સ્ત્રીઓના લગન થશે અથવા છોકરાં જનમશે; કોઇ સ્ત્રીના થાન સાથે ગેરવર્તણુક ચલાવવી-બેઇજતી, આબરૂની બરબાદી, નામોશી.

થાપો—(જુઓ-**જાંગ**)

થીંગડું—જતી આબરૂ બચશે; કરજની ઓછે વધતે માંડવાળ કરી શકાશે; ઘરનો કંકાશ કોઇ વચે પડીને દુર કરાવશે; ગુજારો ચાલે તેટલી રોજી મળશે.

દઇત—(જુઓ-**ડાકણ**)

દફન—(જુઓ-**કબર-કરકટી**)

દર—ઉંદર અથવા સાંપનો દર આફતથી બચવાનો કોઇ મારગ મળશે; કોઇ આશરો આપશે.

દરખત—(જુવો-**ઝાડ**)

દરવાજો—દરવાજામાંથી બહાર જવું-કુટુંબમાં મરણ થશે; દરવાજામાં દાખલ થવું-કુટુંબમાં બાળક જનમશે; બંધ દરવાજો-સંકટ સામે અટકાવ પડશે અને બીમારી દફે થશે; ઉઘાડો દરવાજો-સંકટની ધાસ્તી રહેશે.

દરવેશ—(જુઓ-**ગોસાંઇ**)

દરાખ—(જુઓ-**ફળ**)

દરીયો—ભરતીનો ઉછળતો દરીયો-વેપાર વધશે; શાંત દરીયો-વેપાર સમધાન રહેશે; ઓટ-વેપાર ઘટશે; દરીયામાં તોફાન-(જુઓ-**તુફાન**)

દસ્તાન—(દુર બેઠેલી સ્ત્રી) પોતાની તેવી બાયડી-**સંસારમાં** કજીયો થશે; પારકી તેવી સ્ત્રી-ઘરમાં ધારેલાં લગનનો **પ્રસંગ** મુલતવી રાખવો પડશે.

દસ્તાવેજ—(જુઓ-**કાગળ**)

દસ્તુર—(જુઓ-**કાઝી**)

દાડમ—(જુઓ-**ફળ**)

દાઢી—દાઢી બોડાવવી-ઘરની જંજાળ અને કરજ દુર થશે; દાઢી કપાવવી-કરજ ઘટશે. (બદનના કોઇબી બાલને આ તાસીર લાગુ પડે છે.)

દાણો—(જુઓ-**અનાજ**)

દાતરડું—(જુઓ-**કટારી**)

દારૂગોળો—કંકાશ થવાની વકી.

દહાડાવાળી—(હમેલદાર સ્ત્રી) (જુવો-**ઓરત.**)

દાળ—(જુઓ-**અનાજ**)

દીવાલું—(નાદારી) કરજમાંથી મુકતી મળશે; કોઇ મદદ કરશે. (સારો પ્રસંગ આવવાની આ આગાહી છે)

દીવો—(જુઓ-**ચરાગ**)

દુધ—ઘણું સુખ; ઘોલાયલું દુધ-દુખ; વેચાતું લીઘેલું-મોટી કમાણી; કોઇને આપેલું અથવા વેચાતું આપેલું-અજાણપણામાં દુખ ખેંચી લેશો.

દુપેટો—(પાઘડી-માથાનું પહેરણ) આબરૂ વધશે; મજલસમાં ઇજત મળશે; હરીફાઇમાં ફતેહ મળશે; નાચારી દુર થશે; ઓઘો મળશે.

દુરાચરણ—(જુઓ-**જારકરમ**)

દેવ—(જુઓ-**ડાકણ**)

દેવપુંજા—(મુરતી પુંજા) કોઇની ખુશામત કરવાની ફરજ પડશે; આફતમાંથી નીકળવાને કોઇને પગે પડવું પડશે; ઘરની સ્ત્રી (અથવા ખાવંદ) શંકાશીલ બની જશે જેણીને સમજાવી લેવાની ફરજ પડશે.

દેવળ—(મંદીર-હરકોઇ કોમની એબાદતઘાહ) લીધેલી ધારમીક બાધાની યાદ-કોઇ માનતા લીધેલી ભુલી જવામાં આવેલી હોય તેની યાદ-ગેબી ચેતવણી.

દેવી—(અપસરા-પરી) અજબ પ્રકારે બચાવ થશે; ધરમ સંબંધી ઇજત વધશે.

દહેડું—(જુઓ-**દેવલ**)

દોખમું—(જુઓ-**કબર**)

દોજખ—(જુઓ-**જહાંનમ**)

દોરડું—કામમાં કોઇ હીમત આપશે; કામમાં કોઇ નાણા ધીરશે; ધંધામાં માલદાર ભાગ્યો મળશે. ગાંઠ બાંધેલું દોરડું—ભાગીદારી વધારે મજબુત થશે; સંસારમાં વધારે સમાધાની થશે.

ધજા—(જુઓ-**ઝુંડો**)

ધમકી—(કોઇ ધમકી આપી જાય તે) સખત બીમારી પછી સાજા થશો અથવા કુટુંબનું કોઇ તે મુજબ સાજું થશે.

ધર્મદા—(દાન આપવું; સખાવત કરવી) વેપારમાં થોડું નાણું રોકી મોટી કમાણી કરશો.

ધવડાવવું—(જુઓ-**થાન**)

ધાન—(જુઓ-**અનાજ**)

ધુળ—ઉડતી ધુળ-આફ્ત દુર થશે; ધુળનો ઢગલો—આપ્ત વધતી જશે; ધુળારૂં-ગમનો પ્રસંગ આવશે.

ધોતર—(જુઓ **કાંચરી**)

નજરાણું—આવેલું-ધન અને આબાદી વધશે; દીકરાના લગન થશે. કોઇને ઘરે મોકલેલું-દીકરી પરણી જશે.

નમાઝ—(બંદગી) કોઇ મરણ પામેલાંના નીકળતાં નાણાં પાછાં ભરી દેવાની બસારત; અથવા કોઇ મરણ પામેલાના બાબમાં ચોકસ કરજ ઉતારવાની આપેલી કબુલાતની યાદ; અથવા કોઇ મરણ પામેલાની ચોકસ ક્રીયા કરવાના કરેલા ઇરાદાની યાદ.

નાગ—(જુઓ **અઝગર**)

નાચનારી—નાચનારીના પગમાંથી ગુંગરી નીકળી જતી જોવી-આપણી પાસેથી કાંઇ લઇ જવાની મકસદે આવેલો માણસ ઉલટું કાંઇ આપી જશે; નાચતાં નાચનારીને પડી જતી જોવી—અનીતીનું આવેલું આળ નીકળી જશે; નાચનારીને આપણી ઉપર ગુસ્સે થયલી જોવી-અનીતીનું આળ આવશે; નાચનારીને આપણી ઉપર ખુશ થયલી જોવી-ઘરના સંસારમાં

ઘણું સુખ મળશે. (કમાનારી **હલકી આબરૂની સ્ત્રીના** બાબમાં નીચલી તાસીર લાગુ પડે છે):-ઘરમાં આવેલી-લાભ થશે. તેણીના ઘરમાં જવું-નાણાંની બરબાદી થશે અથવા નાહકનો ખરચ નીકળશે અથવા નાણાંની ચોરી થશે. તેણીની તરફથી કાંઇ ચીજ અથવા પૈસા મેળવવા-ઘણો મોટો લાભ થશે અથવા જે નાણાં માટે વાંધો ઉઠયો હશે તે નીકળી જવાથી નાણાં મળશે અથવા વારસો તેવી રીતે મળશે. તેણી ચુમી લે તો-તનદરોસ્તીમાં મોટો સુધારો. તેણીને ચુમી લેવી-તનદરોસ્તીનો મોટો બગાડો. રસ્તે ચાલતાં સામી મળે તો--રોજીની વૃદ્ધી. ઘરમાં આવી ઘણી-આણી તરીકે રહે-દોલત વધશે. તેણીની સાથે કજ્યો થાય-આબરૂ ઘટશે.

નાચરંગ—ઘરની નાચરંગની મજલસ-ઘરમાં સારો પ્રસંગ આવશે; પારકાં ઘરની મજલસમાં આપણી હાજરી-કોઇ સગાનો પ્રાળો અથવા વારસો મળશે અથવા સગપણમાં લગનનો બનાવ બનશે.

નાટક—(જુઓ **તમાશો**)

નામચણી—(જુઓ **નાચનારી**)

નાયકણ—(જુઓ **નાચનારી**)

નારંગી—(જુઓ **ફળ**)

નાસવું—લડાઇ ટંટાથી નાસવું-કોઇ આફતમાંથી છુટકો થશે; કોરટના મુકદમાનો જીતમાં અથવા માંડવાળથી નીવેડો આવશે. ઘરથી નાસવું-પરદેશ જઇને વસવાટ કરવો પડશે; વેપારને માટે અથવા નોકરીને માટે પરદેશ જઇને ઘણાં વરસ રહેવું પડશે; કેદેથી નાસીને ઘરમાં આવી ભરાવું-કોઇ આફતમાં કુટુંબનું માણસ અથવા મુરબ્બી મોટો આશરો આપશે; બીમારી દુર થશે. કોઇને આપણા હાથમાંથી નાસી જતાં જોવું-લાભ થતો અટકી જશે; આશા પાર પડશે નહી; કોઇ કરવા ધારેલું કામ પાર ઉતારી શકાશે નહી.

નાહવું—(**અંગોળ**) મરદને નાહતાં જોવો-બીમારી દુર થશે. સ્ત્રીને નાહતાં જોવી-ઘરની અથવા કુટુંબની સ્ત્રીની બેઇજતી થશે.

બાળકને નાહતાં જોવું-સંસારમાં સમાધાની થશે. ખુદ પોતાને નાહતાં જોવું-ફરજંદ આવશે; બીમારી દુર થશે.

નાળું—(જુઓ-**દરીયો**)

નીંદા—(બદનક્ષી) કોઇની નીંદા થતી સાંભળવી-આપણી જંજાળ કોઇને માથે જશે; આપણી નીંદા થતી સાંભળવી-કોઇની જંજાળ આપણે માથે આવશે. આપણે ખુદ નીંદા કરવી.-કોરટના મુકદમામાં સંડોવાવું પડશે.

નીંદરા—કોઇ મરદને ઉંઘાયલો જોવો-ઘરમાં મોટી બીમારી. કોઇ સ્ત્રીને ઉંઘાયલી જોવી-કજયો દફે થશે. આપણે પોતે ઉંઘાયલા સ્વપ્નામાં જોવા-આવતા લાભથી બેખબર રહી તે લાભની તક જવા દેશો; ગફલતીથી નુકસાન કરશો. પોતાની બાયડીને ઉંઘાયલી જોવી-બાયડી ફરજંદનો જનમ આપશે; બાયડી કજ્યા કંકાસથી દુર રહેશે.

નીખીયો—(જુઓ-**કાંસકી**)

નીચોવવું—કપડું નીચોવવું-ઘરની બીમારી દુર રહેશે.

નુરી—(જુઓ-**પક્ષી**)

નેજો—(જુઓ-**કટારી**)

નેહર—(જુઓ-**દરીયો**)

પડછાયો—(જુઓ-**ઓળો**)

પતંગ—(જુઓ-**કનકવો**)

પતંગયું—ઊડતું ફરતું-ઘરની સ્ત્રી બેવફા થશે અથવા નાસી જશે; બેઠેલું-ઘરની સ્ત્રી સંસાર સંભાળશે; હાથમાં પકડાયલું-પોતાના નીકાહ થશે અથવા ઘરનો છોકરો પરણશે.

પથરો—બહાર પડેલો—બહારની જંજાળ બહારોબહારથી દફે થશે; ઘરમાં પડેલો-બહારની જંજાળ ઘરમાં આવશે.

પથારી—(જુઓ-**ખાટલો**)

પદરખાનું—ઘરની આબાદી.

પનીઆરી—(પાણી ભરીને લાવનારી સ્ત્રી) ભરેલાં મટકાં સાથે-બાયડી હમેલદાર થશે; ખાલી મટકાં સાથે-બાયડીનો હમેલ બ્યર્થ જશે અથવા નાનાં બાળકને હાણી પુગશે; પાણી ભરવા જતી સ્ત્રી-બહારથી લાભ થવાની વકી; ભરેલું

મટકું ભાગી જાય-નુકસાન; ખાલી મટકું ભાગી જાય-બીમારી દુર થશે.

પરદૃપોશ—(જુઓ-**જનાનો**) કોઇ મરદને પરદેપોશ રહેલો જોવો-પોતાને અથવા કુટુંબના કોઇ માણસને ઘર ગામથી નાસવું પડશે અથવા છુપાઇ બેસવું પડશે.

પરી—(જુઓ-**દેવી**)

પરોણો—(જુઓ-**મહેમાન**)

પલંગ—(જુઓ-**ખાટલો**)

પલાવ—(જુઓ-**અનાજ**)

પશુ—(જુઓ ઉંટ)

પક્ષી—પીંજરાંમાં પક્ષી-ઘરની સ્ત્રી વફાદાર રહેશે. પીંજરાંમાંથી ઉડી જાય-સ્ત્રીની બેવફાઇ; બાળકની હાણી; મોટી ખોટ. પીંજરાંમાં પક્ષી મરણ પામે-બાળકની અથવા બાયડીની ઘાત જશે; બીમારી દુર થશે. પક્ષી બહારથી લાવવું-બાયડી કરશો અથવા વહુ આવશે. કોઇને ત્યાં પક્ષી મોકલવું-ઘરની છોકરી પરણી જશે અથવા ઘરની સ્ત્રીનો હમેલ વ્યર્થ જશે. ઝાડ ઉપર ઉડતું પક્ષી-દુરથી લાભ દેખાશે પણ લાભ થશે નહીં; પક્ષીનું જોડું-(જુઓ જોડું) પક્ષીનો શીકાર-દુખ દુર થશે; બીમારી સાજી થશે. ઘરનું પક્ષી અજાણમાં આપણે હાથે માર્યું જાય-અજાણમાં એવું કામ થશે કે જેથી ગેરલાભ થશે. પારકું પક્ષી અજાણમાં આપણે હાથે માર્યું જાય-અજાણમાં એવું કામ થશે કે જેથી કોઇનો લાભ આપણને મળશે. પક્ષીને હલાલ કરવું અથવા કાપવું-કોઇ ધર્મની લીધેલી બાધા ભુલી ગયલા તેની યાદ અને ચેતવણી.

પાઘડી—(જુઓ-દુપેટો)

પાંજરાપોળ—સુખનો દહાડો આવશે. પાંજરાપોળમાં ઢોર મોકલવું-કોઇની મદદ આવશે

પાનસોપારી-(જુઓ-**એલચી**) આ તાસીર એલચી, લવંગ વગેરે મખવાસને લાગુ પડતી હોવાથી પાનસોપારીને પણ લાગુ પડે છે.

પાનખર રૂતુ—નુકસાન; બરબાદી; (જુઓ—ઝાડ)

પાયજામો—(જુઓ—**કાંચરી**)

પારણું—(બાળકની જોળી)—ખાલી—દીકરી અથવા ઘરની છોકરી જે બહાર પરણી ગઇ હોય તેને હમેલ રહેશે. બાળક સાથનું—બાયડી અથવા ઘરની વહુ અથવા કુટુંબમાં પરણી આવેલી છોકરાને હમેલ રહેશે.

પાલખી—નચીંતાઇ, આરામ, ઘરડપણમાં સુખ.

પાવડી—(જુઓ—**ખાસડું**)

પીકદાન—(તસ) બીમારી નીકળી જશે; ખોટની ધાસતી દુર થશે; પીકદાન ઉંધુ વળી જાય—મોટું નુકસાન

પીછોડી—(જુઓ—**ચટાઇ**)

પીછી—બીમારી દુર થશે.

પુછડયો તારો—ન ધારેલું ધન મળશે; બેહદ આબાદી.

પુંજા—(જુઓ—**દેવપુંજા**)

પુષ્પ—(જુઓ—**ફુલ**)

પેજાર—(જુઓ—**ખાસડું**)

પેટી—(જુઓ—**તીજોરી**)

પૈડું—ગાડી અથવા ગાડાંનું છુટું પૈડું—નાહક જંજાળ આવશે અને તેમાં લાંબો વખત ચીંતા સાથે રોકાઇ રહેવું પડશે.

ફકીર—(જુઓ—**ગોસાંઇ**)

ફટાકડો—આફત ટળી જશે.

ફણસ—(જુઓ—**ફળ**)

ફરેસ્તો—ધર્મની બાવાની યાદ અને ચેતવણી; અચાનક મદદ મળશે; ઘરની આબાદી.

ફસાદ—(જુઓ—કંકાસ)

ફળ—ઝાડ ઉપર ઉગેલું—બાયડી અથવા ઘરની વહુને હમેલ રહેશે; ઝાડ ઉપરથી તોડેલું—બાળક જનમશે; પાકેલું તોડેલું—છોકરો જનમશે; કાચું તોડેલું—છોકરી આવશે; ઝાડ પરથી પડેલુ—બાળક નબળું અને તનદરોસ્તીમાં કમતાકાત અવતરશે; ઝાડપરથી પડતાં ફાટેલું અથવા છુંદાયલું—હમેલ વર્યથ જશે અથવા મુએલું બાળક જનમશે; ભેટ આવેલું—પોતાના લગન થશે અથવા વહુ આવશે અથવા

કુટુંબનો છોકરો પરણશે; ભેટ મોકલેલું-ઘરની છોકરી પારકે ઘર પરણી જશે; ઘરમાંથી ફળ ચોરાય-ઘરની બાયડી અથવા કુટુંબની સ્ત્રી બેવફા થશે; પારકું ફળ આપરે ચોર્યે-અનીતીનું ખરૂં અથવા ઓછું તોહમત આવશે; ફળ કાપવું અને બીજાઓને ખાવા આપવું-કરેલાં કીધેલાં કામનો લાભ કોઇ લેશે; કાપીને આપણે ખાવું-કામનો લાભ મળશે; કોઇ કાપીને ફળ ખવાડે-દોસ્ત અને સગાં તરફથી મદદ મળશે.

ફાલસાં—(જુઓ-ફળ)

ફુલ—ઝાડપર ઉગેલું-(ઝાડ ઉપર ઉગેલાં ફળની સઘલી તાસીર લાગુ પડે છે) કચડાયલું-અપજશ મળશે; ફુલનો ગજરો-છોકરી અવતરશે; ફુલનો સહેરો-છોકરો અવતરશે; ફુલફલ સાથની ડાંખલી-વેપાર અથવા નોકરીમાં મોટો લાભ થશે; ફુલ સુંઘવું-બાયડી ઘણું સુખ આપશે; ફુલ વેચનારી-આબાદી; ફુલ વેચનારીનું ફુલ ચોરવું-દુશમન યુકતીથી ઠેકાણે આવશે; કોઇના ઘરમાંથી ફુલ ચોરવાં-બેઇજતી બદનામી. કોઇ ફુલ ચોરી જાય-નુકસાન, ખોટ; ફુલવાલી પાસેથી વેચાતું લેવું-લગન પાછલ મોટો ખરચ થશે અથવા છોકરી પરણાવતાં મોટી રીત આપવી પડશે; ફુલવાળી ફુલ ભેટ આપે-વહેવાઇને ઘરથી મોટી પહેરામણી થશે.

બકરી—(કોઇબી દુધ આપતું જાનવર) આબાદી. દુધથી ઉતરી ગયલી-કોઇને આશરો આપવો પડશે અથવા સખાવત કરશો; હમેલદાર-વેપાર વધશે.

બકરો—(કોઇબી જાત ઉછેરવા માટેનું નર જાનવર) દીકરો અથવા કુટુંબનો માટીડો બેકાર થશે અને તેની રોજી જશે.

બખતર—(જુઓ-ઢાલ)

બગલગીરી—દોસ્ત સાથની-દોસ્તની મદદ મળશે; બાપ અથવા વડીલ સાથની-વારસો મળશે; દુશમન સાથની-દુશમન કાવાદાવાથી ફાવી જશે-નુકસાન થશે; બાયડી સાથની-ફરજંદ થશે; પારકી બાયડી સાથની-બેઇજતી; બેટી સાથની-બેટીનાં લગન થશે; બેટા સાથની-બેટાને અભ્યાસમાં

અથવા ધંધામાં લાભ થશે; માતા સાથની-વેપાર વધશે અથવા ઢોર વધશે; બહેન સાથની-સગાં તરફથી મદદ મળશે; કોઇબી સાસર્યાં કુટુંબી સાથની-બાયડી પાછળ મોટો ખરચ કરવો પડશે.

બગીચો—(જુઓ **કેઆરો**)

બટવો—(કોઠલી-પૈસા રાખવાની ઠેલી) ખાલી-ખરચ મોટો થશે; ભરેલી-નાણા મળશે.

બડમુછો—મોટી ઉમરનો જેને મુછ નહીં ઉગી હોય-ગેરલાભ.

બંદગી—(જુઓ **નમાઝ**)

બદ કરમ—(જુઓ **બાર કરમ**)

બંદીખાનું—(જુઓ **તુરંગ**)

બબરચી—(બાવરચી) ઘરમાં આબાદી; ખોરાકીની રેલછેલ.

બરફ—સુખ અને સંપજ; મોટી દોલત નહીં પણ ગુજારો ચાલે તેટલી પુરતી પુંજી એકઠી થશે.

બલદ—(જુઓ **ઉંટ**)

બાયડી—(જુઓ **સ્ત્રી**)

બાગબાન—(માલી) છોકરો કમાતો થશે અને ઘડપણમાં તે કમાઇને ખવાડશે; કોઇની સારી મદદ મળશે.

બાજટ—(જુઓ **ખુરસી**)

બાટલી—(શીશી) ખાલી-ખરચ વધશે; ભરેલી-આવક વધશે; ખાલી ભાંગેલી-ખરચ અથવા ખોટની ચીંતા દુર થશે; ભરેલી ભાંગેલી-ન ધારેલો ખરચ અથવા ખોટ; કુટુંબમાં બીમારી અથવા હાણી.

બાઠો—(જુઓ **ગોટલું**)

બાધા—સવપામાં બાધા લેવી-કોઇ ધરમના મથકે ધરમના કામે જવાનું થશે.

બારકસ—(જુઓ **આગબોટ**)

બાહુવલું—(પુતલું) કીર્તી વધશે; ખેતાબ મળશે; દોલત વધશે; વેપાર વધશે.

બીમારી—દુખ; ગેરલાભ; ખોટ; નુકસાન.

બીલાડી—કોઇનો માલ વારસામાં અથવા હરકોઇ રીતે મળશે; ઘરમાંની બીમારી જશે; તનદરોરસ્તી મળશે.

બુડકી—(જુઓ કુવો)

બુરખો—(જુઓ ઓઢણી)

બેગમ—(જુઓ કન્યા-જનાનો)

બેગારી—(મજુર) વેપાર વધશે; નફો થશે.

બેડું—(જુઓ પનીઆરી)

બેહેસ્ત—ઘણું સુખ.

બ્રાહમણ—(જુઓ કાઝી)

ભંગી—ઘરમાંનું દુઃખ દફે થશે; ખોટની ધાસ્તી દુર થશે; બીમાર સાજો થશે.

ભંગીખાનું—(કાહવાખાનું-પીઠું) નચીંતાઇ; એશઆરામ; ઘર અને સંસારનું તથા ધંધા નોકરીનું સુખ.

ભઠ્ઠી—(પદરખાનું) ખોરાકી ભરપુર.

ભઠયારો
ભઠયારણ } બહારથી ખોરાકી પોશાકી પુરી પડશે.

ભરવાડ—મુરબી, માલેક અથવા શેઠ તરફથી આશરો મળશે; ખોરાક ભરપુર; આબાદી.

ભરવાડણ—કોઇ તરફથી મળતી મદદમાં કોઇ બીજો ભાગ્યો પડશે; વારસામાં કોઇ ભાગ લેવા નીકળશે; વેપારમાં નફાની રકમમાંથી કોઇને કમીશન અથવા બીજાં રૂપે ફાળો આપવો પડશે.

ભરથાર—(જુઓ ખાવંદ)

ભવઇયો—(ગારૂડી) તમાશો કરનાર-ઘરમાં રંગ રાગનો વખત આવશે; બીભીત્સ તમાશો કરનાર-ઘરમાં લગનનો સમો આવશે.

ભાઇ—સંપીલો ભાઇ-ભાગીદારીથી ધંધો ચાલશે; દુશમન બનેલો ભાઇ-ભાગીદારીમાં વાંધો પડશે. (એજ તાસીર બેહેનને લાગુ પડે છે.)

ભાગલ—(શહેરનો દરવાજો) મુસાફરી કરવી પડશે; વેપારે નહીં પણ કોઇ અગતના સંસારી કામે પરગામ જવું પડશે.

ભાત—(જુઓ અનાજ)

ભાભરભુંજો—(જુઓ ભઠયારો)

ભુસો—(ઘઉંનો) મોટા નફાની આશા પછી થોડો નફો રહેશે; બાયડી અથવા દીકરીને પહેરામણીના કપડાં જણસ કરવા પાછળ ખરચ થશે.

ભુત—(જુઓ ડાકણ)

ભેંસ—(જુઓ **બકરી**) [અસલ ચોપડીમાં ભેંસની તાસીર લખી નથી પણ દુધાળાં ઢોરની તાસીર લખી છે જે ભેંસને લાગુ પડે છે.]

મઇયત—(જુઓ **કરકટી**)

મછવો—(જુઓ **આગબોટ**)

મજલસ—આબરૂ વધશે; ખેતાબ મળશે.

મદારી—(જુઓ **ભવઇયો**)

મધ—સંસારમાં સુખ; તનદરોસ્તી; અનાજ ભરપુર.

મધપુડો—કોઇનો વારસો મળશે.

મધમાખી—ખરચ થશે; ખોટ જશે.

મરઘી—(જુઓ **પક્ષી**)

મરઘો—(જુઓ **બકરો**)

મરશીયો—મરશીયો વંચાતો સાંભળવો-રવાન અથવા મરણ પામેલાની ક્રીયાની યાદ અને ચેતવણી.

મસજીદ—(જુઓ-**દેવળ**)

મહાતાબ—(જુઓ-**આફતાબ**)

માછલી—દરયામાં તરતી—નફો દેખાશે પણ મળશે નહી; જાલમાં પકડાયલી-નફો થશે; જાલમાં જીવતી પકડાયલી-દુશમન ઠેકાણે આવશે-રોજી મળશે; પકાવેલી-જીંદગીના બાકીના દહાડા સુખમાં કહડાય તેટલી પુંજી થશે; ભેટ આવેલી-ખરચ થશે; ભેટ મોકલેલી કરજ થશે; વેચાતી-લીધેલી-લાભ થશે.

માછી / **માછણ**—કોઇ ખરચ કરાવશે; ભાગીદાર નીકળી આવશે.

માંડલયું—(જુઓ-**તાવીઝ**)

માશુક—(જુઓ-**આશક**)

માળી—(બાગબાન) નોકર ચાકરોની મદદથી કમાણી વધશે.

માખણ—ઘરની અથવા કુટુંબની છોકરી જે બહાર પરણેલી હશે તેણીને વારસો મળશે.

મીઠાઇ—(હરકોઇ જાતની) ભેટ આવેલી-બહારથી મદદ મળશે; વહુ આવશે; નીકાહ થશે; બહારથી ભેટ મોકલેલી-દીકરી અથવા કુટુંબની છોકરીની શાદી થશે.

મીઠું—(નીમક) સુખ અને આબાદી. નીમકનો ઢગ–ઘણું સુખ. વેરાયલું–આખાં કુટુંબને સુખ.

મીનબતી—(જુઓ–**અગરબતી**)

મુરબ્બો—(જુઓ–**મીઠાઇ**)

મુરતીપુંજા—(જુઓ–**દેવપુંજા**)

મોગરૂં—(જુઓ–**ફુલ**)

મોજાં—કોઇની મદદે લેવાની જરૂર પડશે. મોજું પહેડવું–કોઇની મદદ મળશે અથવા મદદ માંગવા જવું પડશે; મોજું ઉતારવું–કોઇનો આશરો છોડવો પડશે અથવા કરજ ઓછું થશે. મોજું ભેટ આવે અથવા વેચાતું લેવું–શેર ખરીદશો. મોજું ભેટ અથવા વેચાતું આપવુ–કોઇને આશરો આપશો.

મોતી—વીંધયા વગરનું આખું–નફા અને ખોટની વકી રાખી ડામાડોલ અને ચીંતામાં મન રાખવું પડશે. વીંધેલું–નફો થશે; બીમારી દુર થશે. કોઇ છોકરીએ પહેડેલું–ઘરની કોઇ સ્ત્રીને લાભ થશે. કોઇ મરદે પહેડેલું–ઘરનો છોકરો જંજાળમાં આવશે અથવા તેની ઉપર તોહમત આવશે. નાના મોટાં મોટીનો જુમખો–કુટુંબમાં બીમારી અને તનદરોસ્તી સમધાન નરમ ગરમ ચાલ્યા કરશે. (જુઓ–**સુરમો**)

મોમબતી—(જુઓ–**ચરાગ**)

મેહમાન—(પરોણો) કોઇ સાથે ભાગમાં ધંધો ચલાવશો; કોઇ મદદ કરશે.

રડવું—(જુઓ–**આંસુ**)

રાવટી—(જુઓ–**તંબુ**)

રૂપીયા—(જુઓ–**ચાંદી**)

રેતી—મેહનત બરબાદ જશે. રેતીનું રાણ અથવા મેદાન–મુસાફરી કરવી પડશે. રેતીનો ઢગ–કુટુંબને હાણી પુગશે. ઉડતી રેતી–આફ્ત આવશે.

રેલ—સકસાઇના નાણા એકઠાં થશે. ખુદ કમાણીથી માલદાર થશો.

રોજો—(અપવાસ) અનાજની અછત; સંકડામણ; ઘરમાં નાણાની ગેરહાજરી.

રોટલી—(જુઓ–**ચપાટી**)

રૂપું—(જુઓ–**ચાંદી**)

લખત—(જુવો-કાગળ)

લખોટો—પૈસા ખરચાઇ જશે.

લવંગ—(જુવો-**એલચી**)

લાકડી—(જુઓ-ચાબુક)

લાંચ—લાંચ આપવી-કળેવળેથી કામ કહાડી લઇ શકશો. કોઇ યુકતી અથવા કાવાદાવાથી ઠગી જશે અથવા નાણા કહડાવી જશે અથવા પોતાનું કામ કહાડી જશે.

લાચી—(જુઓ-**અખરોટ**)

વાડ—આપણા બગીચાની દુશમન સાંમે અટકાવ પડશે; વાડમાં બકોરૂં-છટકવાનો લાગ મળશે; પારકા બગીચાની વાડ-આપણાં કામ સાંમે અટકાવ પડશે; સળગેલી અથવા જ-જમીન દોસ્ત થયલી વાડ-બીમારી દુર થશે.

વંજાર—આવતી-ફરજંદ થશે; જતી—બેટી પરણશે; ખાળી થતી-દોલત વધશે; ભરાતી-લગનનો અથવા કોઇ ખુશાલીના પ્રસંગ માટેનો ખરચ થશે.

વાંદરૂં—(બીજાં જાનવરોથી આ જાનવરની તાસીર તદન જુદા પ્રકારની છે) બાંધેલું-કોઇ લાગવગથી અથવા કોઇને શરમને કાજે હાથ બંધાઇ જશે અને ખરો માર્ગ લેતાં અથવા અદાલતમાં ખરી જુબાની આપતાં અથવા હીસાબ કેતાબ ચોખ્ખો રાખતાં અટકવું પડશે; છુટતું-કોઇનો લાગવગ તુટશે અને આપણા મનની સમાધાની થશે; ઝાડપર બેઠેલું-આબાદી અને સુખ; આપણા ઘરના છાપડાંપર બેઠેલું-ઘરના બઇરાં દેખાદેખીથી લગન અથવા બીજાં કામમાં ખરચ કરાવશે અને તેવો ખરચ કરવાની ફરજ પડશે; કોઇ ઘરની છોકરી નાસી જઇ કોઇ બહારના માણસ સાથે લગન કરશે યાને અનીતીવાન થશે નહીં પણ માબાપ અને વડીલની મરજી ઉપરાંત લગન કરી ગ્રહસ્થાઇપણે રહેશે. છાપડાંપરથી નળ્યાં ઉખેડતું અથવા બગાડ કરતું-ઘરનો છોકરો માબાપની મરજી વીરૂધ લગન કરશે અને બહાર જઇ ગ્રહસ્થાઇપણે રહેશે.

વારસો—વારસો મળે-લાભ થશે; શાદી થશે; ઘરનાં છોકરાં પરણશે; ફરજંદ જનમશે. કોઇને વારસો આપવો-કોઇને લાભ કરી

આપશો; સખાવત કરશો; ઘરની છોકરીઓ પરણી જશે; બીમારી દુર થશે.

વાવટો—(જુઓ-**ઝુંડો**)

વાહન—(જુઓ-**આગબોટ**)

વાર—સ્વપણામાં **સોમવાર** જોવામાં આવે તો—કોઇથી ધારેલી મદદ મળશે નહીં. **મંગળવાર**—કામ પાર ઉતરશે નહીં. **બુધવાર**—કોઇબી, મુશકેલ કામ પાર ઉતરશે; **ગુરૂવાર**-કામનું પરીણામ ભવીષપર જશે. **શુકરવાર**-બહારની મદદ અચાનક મળવાથી કામ પાર પડશે. **શનીવાર**—કામ પાર પડાવા વના એમનું એમ ડામાડોળ ચાલ્યા કરશે. **રવીવાર**-કામ પાછળનું પાછળ હઠયું જશે.

વીટી—(**આંગળામાં પહેડવાની**) (બીજા ઘરેણાઓથી આ ઘરેણાની તાસીર જુદી છે) **આંગળીમાં** પહેડેલી-ન ધારેલી આવેલી આફ્તત દુર થશે; પારકાના હાથમાં પહેડેલી-આસમાની ચકરમાં આવશો; પેટીમાં મુકેલી-આફ્તત દબાઇ જશે; કોઇને પહેડાવેલી-આપણી જંજાળ કોઇ બીજાને માથે જશે.

વીધવા—મોટું નુકસાન અને દુખ.

વેશ્યા—(જુઓ-**નાચનારી**)

વેશ્યાવાડો—ધારેલાં કામમાં દુશમનો અને નાહક હેરાન કરનારાઓ ખલલ નાખશે, પણ તેમાં તેઓ ફાવશે નહીં (માટે તેવા માણસોથી ચેતીને ચાલવું.)

શીરપાવ—શાદી થશે અથવા વહુ આવશે.

સગડી—(જુઓ-**અગની**)

સંદુક—(જુઓ-**તીજોરી**)

સમશેર—(જુઓ-**કટારી**)

સાડી—(બઇરાંને પહેડવાની-જુઓ-**ઓઢણી**)

સાંઢ—(જુઓ-**મરઘો**)

સાદડી—(જુઓ-**ચટાઇ**)

સાવકી મા—(અથવા બાપ)-પર આધારે રહેવું પડશે; સાવકા ભાઇ-ભાગ્યા સાથે અથવા નોકરીને લગતા ભાઇબંધો સાથે મીનાકેશો થશે; સાવકી બહેન-સગપણમાં કજ્યો થશે.

સાવરણી—(જુઓ-**ઝાડુ**)

સાહેલી—(સ્વપણો જોનારી સ્ત્રી સાહેલી અથવા સહી અથવા સ્ત્રી-મીત્ર જોય તો) ભાઇ અથવા પીત્રાઇના લગન થશે; સાહેલી સાથે કજ્યો થાય તો-સાવકી મા આવશે અથવા સાવકો બાપ આવશે અથવા કુટુંબમાં કોઇ નાતરૂં કરશે અથવા બીજવર પણુરશે.

સાલી } **સાલો** }—ધરનો કંકાશ દુર થશે; સમાધાની થશે;

સીક્કો—(જુઓ-**ચાંદી**)

સુગંધી—(ખુશબો) ધણીઆણી સાથની જુદાઇ દુર થશે; જુદાં રહેલાં ધણીધણીઆણી પાછાં એક થશે; અથવા કુટુંબમાં તેવો સુલેહ સંપજનો બનાવ બનશે.

સુરમો—(આંખમાં આંજવાનો) સ્ત્રીની આંખમાં આંજેલો-ધણીઆણીને કશો વહેમ ધણીની વફાઇ વીષે ઉપજ્યો હશે તે દુર થશે; મર્દની આંખમાં આંજેલો-આગલી શરમથી અથવા આભારની યાદથી કોઇ મદદ કરશે. સ્વપનો જોનારની આંખમાં આંજેલો-ધણીઆણી વીષેનો કશો શક દુર થશે.

સુર્ય—(જુઓ-**આફતાબ**)

સોનું—(જુઓ-**ચાંદી**)

સોની—કોઇ ઠગાઇથી કરજ ઉભું કરશે; ખોટો દાવાદાર નીકળી આવશે.

સોય—(સીવવાની) વેપાર વધશે; નોકરીનો પગાર વધશે.

સોવાસન—(જુઓ-**કન્યા**)

શેતરંજી—(જુઓ-**ચતાઇ**)

હમામખાનું-દુઃખ ટાળવાને બહારનો કોઇ મદદગાર મળશે. બીમારી દુર થશે.

હમેલદાર—પોતાની બાયડીને હમેલદાર જોવી-વેપાર અથવા નોકરીમાં મોટો લાભ; પારકી સ્ત્રીને હમેલદાર જોવી-ઘરબેઠાં આવીને કોઇ મદદ કરી જશે.

હલવો—(જુઓ-**મીઠાઇ**)

હાડકું—(જુઓ-**કાંટો**)

હીંદાળો—બાયડી અથવા કુટુંબની સ્ત્રી હમેલદાર થશે.

હુક્કો—(બીડી) સળગાવ્યા વીનાનો-નોકરી ધંધો સમધાન રહેશે; સળગાવેલો-નોકરી ધંધામાં વધુ લાભ થશે; સ્વપનો જોનાર પીએ-વધારે લાભ; પારકો ધણી પીએ-કુટુંબના માણસને નોકરી ધંધામાં લાભ થશે.

પરચુટણ.

દાઢ અથવા દાંત પડી જાય—કુટુંબમાં સખત બીમારી; કુટુંબમાં હાણી.

ખોહવાયલી ચીજ—વીટી અથવા એવી પહેડવાની ઘરેણાની જણસ—મોટું નુકસાન; કપડું-જંજાળ દુર થશે; પેજાર અથવા બુટ—આફત દુર થશે; ચોપડી—કુટુંબની ઇલ્મ અથવા કેળવણીની કીર્તી ઓલાદ ટકાવશે નહીં; પેટી અથવા દાબડી—કુટુંબની છોકરીના લગન થશે; કમરબંધ અથવા પટો—કુટુંબનો છોકરો પરણીને જુદો રહેશે અથવા સાસરે રહેશે; વાસણ, રાંધવાનું અથવા પાણી ભરવાનું—પગેણા આવશે અથવા નાહકનો મોટો ખરચ થશે; અનાજ—સરકારી તોહોમત આવશે.

તોહમત—(જુદાં જુદાં તોહમતોની તાસીર) ચોરીનું—આપણો લાભ કોઇ લઇ જશે; ખુનનું-ઘરની સ્ત્રી અથવા મર્દ બેવફા થશે અથવા ઘરની સ્ત્રી અથવા મર્દ અનીતીથી નાસી જશે; બદ કર્મનું—બાયડીની અથવા ઘરની સ્ત્રીની સખત બીમારી. જુઠું બોલવાનું અથવા જુઠી જબાની આપવાનું—ધંધામાં અથવા નોકરીમાં નુકસાન.

લડાઇ—બે ચોપગાં જાનવરો વચે—દુશમનો પોતપોતા વચ્ચે લડી મરશે, બે પક્ષી વચે—ઘરમાં કુસંપ થશે અથવા ઘરમાં ખોરાક અને અનાજની તંગી; નર માદા વચે—મોટો ખરચ નીકળશે.

મેંદી—(નખ, હથેલી, પગના તળ્યાં વગેરેને લગાડવાની) મર્દને લગાડેલી—ઘર અથવા કુટુંબનો મર્દ બેકાર થશે; સ્ત્રીને લગાડેલી—શાદી થશે અથવા ઘરમાં લગનનો પ્રસંગ આવશે.

તબીબ—(ડાકટર—વઇદ) બીમારી લાંબો વખત રહેશે; બીમારીથી જીંદગીને હાણી પુગશે નહીં.

સ્વારી—પારકાનાં ગાડામાં અથવા ગાડીમાં પારકા સાથે બેસી સ્વારી કરવી—કોઇના ધંધામાં ભાગ મળશે અથવા વારસો મળશે; આપણાં ગાડીમાં કોઇ સાથે સ્વારી કરવી—આપણા ધંધામાં કોઇને ભાગ્યો લેવો પડશે; ઘોડાપર અથવા ઉંટપર અથવા ખચ્ચરપર કોઇ સાથે સ્વારી કરવી—દુખ સુખનો કોઇ મદદગાર મળી આવશે અથવા શાદી થશે.

(સમાપ્ત.)